# બનાસકાંઠા - સાબરકાંઠામાં શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ

## હિંમતનગર સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા શહીદ જવાનોને શ્રદ્ધાજંલિ

સાબરકાંઠા જીલ્લાના સમસ્ત મુસ્લીમ સમાજ દ્વારા પુલવામા ની ઘટનાને વખોડી કાઢ્યો હતો. વહેલી સવાર થી જ આજે આ માટે સમસ્ત મુસ્લીમ સમાજના અગ્રણીઓએ એડીશનલ કલેકટરને આવેદન પત્ર આપીને પુલવામા ના આંતકવાદ ની ઘટનાને બહુમાળી ભવન થી કેન્ડલ માર્ચ સહીત રેલી નિકાળીને મુખ્ય બજાર અને જુના બજારમાં થઈને હનુમાનજી મંદીર ટાવર ચોક ખાતે



પોતાના તમામ ધંધા અને રોજગાર બંધ રાખવાની જાહેરાત કરીને મુસ્લીમ સમાજે આંતકવાદી ઘટનાને વખોડી કાઢ્યો હતો અને હિંમતનગર શહેરમાં બહુમાળી ભવન થી હનુમાનજી મંદીર ટાવર ચોકના મોડી સાંજે કેન્ડલ માર્ચ સાથે રેલી યોજી હતી પાકિસ્તાન વિરોધી સુત્રોચ્ચાર કરીને વંદે માતરમ ના સુત્રોચ્ચાર કરી શહીદો માટે પ્રાર્થના કરી મૌન પાળ્યો હતો.

આ અગાઉ શનિવારે બપોરે વખોડી કાઢી વિરોધ દર્શાવી દુખ વ્યક્ત કર્યો હતુ. આવેદનપત્ર માં કાયરતા પુર્ણ રીતે દેશ વિરોધી તત્વોએ હુમલો કર્યો હોવાનુ ગણાવી દેશના જવાનોને શહીદ કર્યા હોવાનુ દુખ વ્યક્ત કર્યુ હતુ અને સીઆરપીએફના જવાનો પર થયેલા હુમલાને દેશના સ્વાભીમાન પર હુમલો હોવાનુ ગણાવ્યુ હતુ.

મોડી સાંજે સમસ્ત મુસ્લીમ સમાજના બીરાદરો દ્વારા હિંમતનગર શહેરમાં આવેલા પહોંચી જ્યાં સીઆરપીએફ ના શહીદ જવાનોને માટે મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પી હતી તેમજ શહીદો અમર રહો અને વંદે માતરમ ના નારા લગાવ્યા હતા તેમજ પાકીસ્તાન વિરોધી સુત્રોચ્ચાર કરીને આંતકવાદી હુમલાને વખોડી કાઢ્યો હતો. મુસ્લીમ બીરાદરો એ જવાનોને શ્રદ્ધાંજલી આપવા માટે આજે સવાર થી જ જીલ્લામાં તમામ બજારોને સજ્જડ બંધ રાખ્યા હતા.

## વડગામમા આતંકી હુમલામાં શહીદ વીર જવાનોને શ્રદ્ધાંજલિ અપાઇ

વડગામ શહેરમા વેપારીઓ દ્વારા સદંતર બજાર બંધ પાળીને શ્રધ્ધાજલિ અપાઇ હતી. વડગામ તાલુકા મથકે સવારે ભાજપ કોગ્રેસના આગેવાનો તેમજ તાલુકા ભરના લોકો અને તાલુકા મથકે વેપાર ધંધો કરતા તમામ વેપારી ઓ દ્વારા વડગામ બજાર સદંતર બંધ પાળીને આતંકીઓના પુતળાનુ દહન કરીને શ્રધ્ધાજલિ આપવામા આવી હતી. કાશ્મીરના પુલવામા સીઆરપીએફ ના જવાનો ઉપર કરાયેલા આતંકી ઉમલાથી ૪૪ સૈનિકો શહીદ થયાછે આ આતંકી ઉમલાથી સમગ્ર દેશમા લોકોમા આક્રોસ ફાટી નિકળ્યોછે લોકો દ્વારા ઠેરઠેર આતંકીઓ સામે આક્રોસ વ્યક્ત કરીને આતંકીઓ ના પુતળાઓ બાળીને ભારે સુત્રોચ્ચાર કરીને રોષ પ્રગટ કરાઇ રહ્યોછે અને વડગામ શહેર સહીત ઠેરઠેર ગ્રામ્યવિસ્તારો મા પણ આતંકી ઉમલામા શહીદ થયેલા જવાનો ને શ્રધ્ધાજલિ આપવામા આવી હતી તેમજ વડગામ મુસ્લીમ સમાજ સમાજ દ્વારા પણ રેલીયોજીને શ્રધ્ધાજલિ આપવામા આવી હતી.



કાશ્મીરના પુલમાવા મા આતંકીઓ ઘ્વારા કરવામાં આવેલ હુમલામાં ભારતના ૪૪ જવાનો વીરગતિને પ્રાપ્ત થયા હતા જેને લઈ સમગ્ર દેશમાં આક્રોશ જોવા મળી રહ્યો છે ત્યારે ખેડબ્રહ્માના વેપારીઓ ઘ્વારા સમગ્ર બજાર બંધ રાખી બસ સ્ટેન્ડ વિસ્તાર ના વેપારીઓ શ્રધ્ધાજલી આપીહતી અને રોષ પ્રગટ કરી, વીરગતિ પામેલા સેનાના જવાનોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.



**ફતેગઢમાં આતંકવાદીઓના હુમલામા શહીદ થયેલા વીર જવાનોને શ્રધ્ધાજલિ**

વડગામ તાલુકાના ફતેગઢ ગામમા આવેલ સહયોગ આશ્રમશાળા ખાતે ગ્રામજનો તેમજ શાળા પરિવારજનો દ્વારા શહીદોને શ્રધ્ધાજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. ફતેગઢ માં જમ્મુ કાશ્મીર ના પુલવા માં થયેલા સૌથી મોટા આતંકવાદીઓના હુમલામાં દેશના ૪૪ વીર જવાનો શહીદ થયાં છે આ આતંકી ઉમલા મા શહીદ થયેલા વીર જવાનોને ફતેગઢ ગ્રામજનો તેમજ આશ્રમશાળાના ટ્રસ્ટીઓ તેમજ શાળા પરિવાર દ્વારા 'શહીદ વીર જવાનો અમર રહો'ના નારા સાથે કેન્ડલ માર્ચયોજી ને બે મીનીટ નુ મૌન પાળી શહીદ ને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

## ઊંઝાના બજારો સ્વયંભૂ બંધ રહ્યા

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં થયેલ આત્મઘાતી આતંકી હુમલામાં સી.આર.પી.એફ.ના ૪૦ જવાનો સહીદ થતાં તેમજ કેટલાક જવાનો ગંભીર રીતે ઘાયલ થતાં પાક પ્રેરિત આંતકવાદ સામે સમગ્ર દેશની જનતામાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. શહીદ વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે આજે વેપારીમથક ઊંઝા શહેરમાં સ્વયંભૂ બંધ પળાયો હતો. બંધ પૂર્વ શહેરના મુખ્ય રાજમાર્ગ પર નાગરિકોએ કેન્ડલ માર્ચ યોજી વીર જવાનોને ભાવભરી શ્રદ્ધાંજલિ આપી હતી. આત્મઘાતીએ કાળો કેર વર્તાવેલ હોઈ લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને આતંકવાદ સામે યોગ્ય લડત આપીને આતંકવાદીઓ અને તેમના આકાઓનો સફાયો કરાય તેવી લોક લાગણી અને માંગણી ઉઠી છે.

## કાંકરેજ તાલુકાના થરા તેમજ આજુબાજુના ગામોમાં ઠેર-ઠેર વિરોધ

જમ્મુ કાશ્મીરના પુલવામાં સી.આર.પી.એફ ના કાફલાને ટાર્ગેટ બનાવી હુમલો કરવામાં આવ્યો હતો.આ આત્મધાતી હુમલામાં દેશની રક્ષા કાજે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર માં ભારતીના ૪૦ વિરજવાનોએ પોતાની શહાદત વહોરી છે.આ આત્મધાતી હુમલાની સામે સતત બીજા દિવસે સમગ્ર દેશમાં આક્રોશ અને ગમનો માહોલ જોવા મળી રહ્યો છે.સમગ્ર રાજ્યમાં તમામ જગ્યાએ ઠેર-ઠેર પુતળાદહન, રેલીઓ, બેઠકો, શ્રધ્ધાજલી,વગેરે દ્વારા દરેક જગ્યાએ વિરોધ પ્રદર્શિત થઈ રહ્યો છે.તેના અનુસંધાને કાંકરેજ તાલુકાના વહેપારી મથક થરા તેમજ શીરવાડા સહીત આજુબાજુના ગામડાઓમાં જમ્મુ કાશ્મીરના પુલવામાં થયેલા આત્મધાતી હુમલાના વિરોધમાં ગઈ કાલે રાત્રે શિરવાડા ગામના યુવાનો દ્વારા દિપજલાવી, મૌનપાળી,રામધુન બોલી,હાથમાં



કેન્ડલ જલાવી શ્રધ્ધાસુમન અર્પણ





કર્યા હતા.અને વિરોધ પ્રદર્શિત કર્યો હતો.નચિકેતા સંસ્કારધામ સહિતની સ્કુલો દ્વારા રેલી જેમાં કાંકરેજ તાલુકા ના ધારાસભ્ય પણ રેલી માં જોડાઈ ને શહીદો શ્રધ્ધાજલી આપવામાં આવી હતી જયારે તાલુકા માં ઠેર ઠેર પાકીસ્તાન મુર્દાબાદ,જવાનો અમર રહો વગેરે જેવા નારા લગાવ્યા હતા.તમામ વેપારીઓએ થરામાં સ્વયંભુ પોતાના ધંધા રોજગાર બંધ પાળી જડબેસલાક વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. જયારે થરા માર્કેટયાર્ડ ખાતે પણ શહિદો ને શ્રધ્ધાસુમન કાર્યક્રમ આપવા આવ્યો હતો સમગ્ર રાજકીય,વેપારી આલમ,મજુર કામદારો,તેમજ તમામ સમાજના લોકો બંધના એલાનને ટેકો આપી વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા.અને અશ્રુભિની શ્રધ્ધાજલી અર્પણ કરી હતી.અને દેશના દરેક લોકો ગમ અને ગુસ્સા સાથે દેશના તમામ મોટા શહેરો હોય કે ગામડાઓમાં પાકીસ્તાનનો સફાયો કરવા માંગણી સાથે લોકો જાહેર રસ્તા ઉપર આવી પાકીસ્તાન ઉપર હુમલો કરવા દબાણ વધારાયુ હતુ.અને ગુસ્સા સાથે લોકોએ સરકારને જવાન શહીદો પરીવારને મદદ કરવા અને સર્જિકલ હુમલા કરવા માટેની એક જ લોક માંગ ઉઠી છે.અને દરેક લોકોને શહીદ વિરજવાનોને આર્થિક સહાયરુપે યોગદાન આપી સાંત્વના આપવા આહવાન કરાયુ હતુ.

## પ્રાંતિજ ખાતે કેન્ડલ માર્ચ રેલી યોજી શહીદોને શ્રધ્ધાંજલી

**હિન્દુ-મુસ્લિમ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં : શહીદો અમર રહોના નારા સાથે નગરજનો દ્વારા શ્રધ્ધાંજલી**

પ્રાંતિજ, તા.૧૬

જમ્મુ શ્રીનગર પુલવા હાઈવે ઉપર સીઆરપીએફના જવાનો ઉપર થયેલ આતંકવાદી હુમલામાં શહીદ થયેલ શહીદોને પ્રાંતિજ ખાતે કેન્ડલ માર્ચ રેલી યોજી શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. જેમાં હિન્દુ મુસ્લિમ સમાજ ના લોકો સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આતંકવાદી હુમલાને લઈને દેશભરમાં દેશવાસીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ કોંગ્રેસ શહેર સમિતિ દ્વારા ભાખરીયા બસસ્ટેન્ડથી હનુમાન મંદિર સુધી કેન્ડલ માર્ચ રેલી યોજી હતી. જેમાં પાકિસ્તાન મુર્દાબાદ, પાકિસ્તાન હાય હાય, શહીદો



અમર રહોના નારા સાથે સુભાષચંદ્ર બોઝના બાવલા આગળ પહોચી હતી અને ત્યાં શ્રધ્ધાંજલિ આપી બે મીનીટ માટે મૌન પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, સી.કે. પટેલ, ભીખાભાઈ પટેલ, નગરપાલિકા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ, નગરપાલિકા કોર્પોરેટર યુનુસભાઈ રાણા, રેખાબેન સોલંકી, નિરૂબેન પટેલ, નગરપાલિકા પૂર્વ પ્રમુખ ભરતભાઈ સોલંકી હિન્દુ મુસ્લિમ સમાજના લોકો સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને શ્રધ્ધાંજલિ આપી હતી. પ્રાંતિજ સહિતના વિસ્તારોમાં વેપારીઓ દ્વારા આજ સવારથી જ સ્વયંભૂ બંધ પાડી બજાર કેન્ડલ માર્ચ દ્વારા રેલી યોજાઈ હતી.

## અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરમાં સજ્જડ બંધ રાખી શ્રદ્ધાંજલિ અર્પી

કાશ્મીરના પુલવામાં સીઆરપીએફના જવાનો ઉપર થયેલા આતંકી હુમલામાં શહીદ થવાની ઘટનાથી દેશભરમાં જન આક્રોશ ફાટી નીકળ્યો છે. શુક્રવારે સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલા ભારત બંધના મેસેજની અસરની ગુજરાતના અરવલ્લી જીલ્લામાં સૌથી વધુ જોવા મળી હતી. જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સજ્જડ બંધ રાખી આતંકીઓનો સફાયો કરવાની માંગણી સાથે લોકો સ્વયંભૂ રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા અને શહીદ વીર જવાનોને અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપી હતી. મોડાસા શહેરમાં છેલ્લા બે દિવસથી અનેક શૈક્ષણિક સંસ્થાઓ અને વિવિધ સંગઠનો કેન્ડલ માર્ચ, મૌન રેલી સહીત આતંકવાદ અને પાકિસ્તાન સામે વિરોધ પ્રદર્શન અને પૂતળા દહન કરી રોષ ઠાલવી રહ્યા છે. શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવાની સાથે હવે કોઈ જવાન શહીદ ના થવો જોઈએની માંગ પણ પ્રબળ બની છે.

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલા મેસેજના પગલે ધંધાર્થીઓ અને દુકાનદારો ધંધા રોજગારના સ્થળે એકઠા થઈ ટોળેટોળા વળ્યાં હતા અને સ્વંયમભુ નિર્ણય લઈ બંધ રાખી શ્રદ્ધાંજલિ અર્પી હતી. રીક્ષા એસોસિએશન પણ બંધ પાડી શહીદ પરિવારો માટે સહાનુભૂતિ દર્શાવી હતી. બાયડ, મેઘરજ, ભિલોડા, શામળાજી સહીત ગ્રામ્ય વિસ્તારોના ગ્રામજનોએ ધંધા-રોજગાર બંધ રાખી મૌન રેલી યોજી શ્રદ્ધાંજલિ અર્પી હતી.







પૂલવામા આતંકી હુમલાના અરવલ્લી જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. મોડાસા નગર તથા અંતરિયાળ વિસ્તારોના બજારો સદંતર બંધ રહ્યા હતા.

# સાબરકાંઠા સ્વયંભુ બંધ : તમામ બજારો બંધ રહ્યા

**સરકારી ઓફીસો અને એસટીનો વ્યવહાર ચાલુ રહ્યો : લોકોની ઓછી અવર-જવરને લઈ ખાનગી વાહનચાલકો નવરા પડ્યા**

હિંમતનગર, તા. ૧૬

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં આતંકવાદીઓએ હુમલો કરી દેશના સીઆરપીએફના ૪૭ જવાનોને મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર દેશમાં આતંકવાદીઓના હિચકારા કૃત્યથી સમગ્ર દેશ લાલઘુમ થઈને ફીટકાર વરસાવી રહ્યો છે. ત્યારે આ જવાનોના માનમાં શનિવારે ભારત બંધનું એલાન અપાયુ હતું. જેના ભાગરૂપે સાબરકાંઠાએ પણ સ્વયંભુ બંધ પાડ્યો હતો. જોકે સુલેહ શાંતિમાં કોઈ અડચણ આવી ન હતી. બંધને લીધે હિંમતનગર સહીત અન્ય તાલુકાઓમાં પણ બંધ સફળ રહ્યો હતો.

તાજેતરમાં જમ્મુ-કાશ્મીરના પુલવાવ જિલ્લામાં દારૂગોળો ભરેલી કાર સીઆરપીએફની બસ સાથે આતંકવાદીઓએ ધડાકાભેર ટકરાવી દેતા આ ગમખ્વાર ઘટનામાં ૪ જવાનો શહીદ થતા સમગ્ર દેશમાં અરેરાટી સાથે તિરસ્કારની લાગણી પેદા થઈ છે. ત્યારે દેશના નાગરીકોએ આ આતંકવાદીઓનો સફાયો કરવાની માગં સાથે કેન્દ્ર સરકારને તરત જ જવાબ આપવા સુચનો કર્યા છે. તો બીજી તરફ શહીદ થયેલા જવાનોને સમગ્ર દેશમાં શ્રદ્ધાંજલી આપવા માટે અનેક જાહેર કાર્યક્રમોની વણજાર શરૂ થઈ છે. તો બીજી તરફ શનિવારે ભારત બંધનું એલાન જાહેર કરાયું હતું.

જેને લઈને સાબરકાંઠા જિલ્લાની પ્રજાએ શહીદોના માનમાં શનિવારે તમામ ધંધા રોજગાર બંધ રાખ્યા હતા. જેના ભાગરૂપે હિંમતનગરમાં સવારથી જ બજારો બંધ રહ્યા હતા. જેના લીધે ટાવરચોક, જુનાબજાર, ત્રણ ખુણીયા ઓટલા, પોલો ગ્રાઉન્ડ, મહાવીરનગર, મોતીપુરા, મહેતાપુરામાં પણ બંધ સફળ રહ્યો હતો. ઉપરાંત હિંમતનગરના વિવિધ વ્યાપારી એસોસિએશનો દ્વારા કેન્ડલ માર્ચ તથા શ્રદ્ધાંજલિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જોકે બંધને પગલે જિલ્લાના



પોલીસતંત્ર દ્વારા કેટલાક સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલીંગ સઘન બનાવી દેવામાં આવ્યું હતું. સદનસીબે સાંજ સુધી કોઈ અનિચ્છનીય ઘટના બનવા પામી ન હતી. બંધને લીધે હિંમતનગરના મોટાભાગના વિસ્તારોમાં લોકોની ચહલપહલ ખુબજ નહીવત રહેવા પામી હતી. જેના લીધે રોડ ખાલીખમ જોવા મળ્યા હતા. જેમાં દુર્ગાબજાર, મહાવીરનગર, પાંચબત્તી, ટાવરચોક સહીત અન્ય વિસ્તારોમાં અસરો જોવા મળી હતી.

સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની હિંમતનગર ખાતે આવેલ વડી કચેરીમાં સ્ટાફ તથા ડિરેક્ટરો અને ચેરમેન મહેશભાઈ પટેલની હાજરીમાં શ્રદ્ધાંજલી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેજ પ્રમાણે તાલુકાના શેરડીટીંબા ગામે પણ ગ્રામજનો દ્વારા શુક્રવારે રાત્રે શધ્ધાંજલી સભા યોજવામાં આવી હતી.

બંધની અસરો એકલા હિંમતનગરમાં નહીં પણ જિલ્લાના તાલુકાઓમાં તથા ગ્રામ્ય વિસ્તારોમાં પણ જોવા મળી હતી. બંધના એલાનને પગલે પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા અને પોશીના પંથકમાં પણ શહીદોના માનમાં બજારો બંધ રહ્યા હતા. તથા સ્થાનિક વેપારીઓએ કેન્ડલ માર્ચના કાર્યક્રમ યોજીને શહીદ જવાનોને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. બંધને પગલે પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામના મહાકાલી યુવકમંડળ દ્વારા શનિવારે સાંજે ગામમાં કેન્ડલ માર્ચનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. દરમ્યાન વિજયનગરમાં વેપારી એસોસિએશન દ્વારા શનિવારે રેલી કાઢી કેન્ડલ માર્ચનું વેપારીઓ દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

તો બીજી તરફ ભારત બંધનું એલાન હોવા છતાં જિલ્લાની કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ ચાલુ રહેવા પામી હતી. ઉપરાંત સરકારી અને અર્ધસરકારી કચેરીઓ પણ રાબેતા મુજબ રહેવા પામી હતી. તથા ગુજરાત રાજ્ય એસટી નિગમની સેવાઓ પણ ચાલુ રહેવા પામી હતી. જોકે ગામડાઓમાંથી આવતા લોકોએ બંધને લીધે શહેર વિસ્તારમાં આવવાનું બંધ રાખ્યુ હોવાને કારણે ખાનગી વાહન ચાલકોને ફરજીયાત તેમના વાહનો બંધ રાખવાની નોબત આવી હતી.